ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 13th December, 2018

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................................................., ભાવનગર.

૧૬ ડિસેમ્બરે, ૧૯૫૦ પછી પૃથ્વીની સૌથી નજીકના અંતરેથી પસાર થતો

### ધૂમકેતુ ૪૬/પી વિરાટનેનને નિહાળવાની મૂલ્યવાન તક.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ખગોળ વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવી તેના પ્રત્યે લોક જાગૃતતા લાવવા હેતુ છેલ્લા ૧૬ વર્ષથી વિવિધ અદભુત ખગોળીય ઘટનાને ટેલીસ્કોપની મદદથી લોકોને દેખાડવાના કાર્યક્રમો કરવામાં આવે છે.

માનવી પોતાના ઉદ્દભવ સાથે જ ખગોળીય ઘટનાઓ અને તેના રહસ્યો વિષે જાણવા આતુર રહ્યો છે. બ્રમ્હાંડમાં બનતી ખગોળીય ઘટનાઓ પૈકીની એક એટલે ધૂમકેતુનું પૃથ્વીની નજીકથી પસાર થવું. આગામી તા.૧૬ ડીસેમ્બરના રોજ કોમેટ ૪૬/પી વિરાટનેન પૃથ્વીથી ૧૧,૫૮૦,૦૦૦ કિલોમીટરના અંતરેથી પસાર થશે. જે વર્ષ ૧૯૫૦ પછી પૃથ્વીની સૌથી નજીકના અંતરેથી પસાર થશે. આ ધૂમકેતુ દર ૫.૪ વર્ષે પૃથ્વીની સફર કરે છે. જે આ વર્ષનો સૌથી તેજસ્વી ધૂમકેતુમાનો એક છે. આ ધૂમકેતુ તીમીલીંગ અને વૈતરણી તારામંડળની વચ્ચેથી પસાર થશે.જે સંધ્યા બાદ પૂર્વ દિશાએથી જોઈ શકાશે.

કોમેટ ૪૬/પી વિરાટનેનને ટેલીસ્કોપ દ્વારા નિહાળવા માટે તા.૧૬/૧૨/૨૦૧૮ને રવિવારના રોજ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કાર્યરત ભાવનગર એસ્ટ્રોનોમી કલબ મારફત તખ્તેશ્વર મંદિર, ભાવનગર ખાતે સાંજે ૭:૦૦ કલાક થી ૯:૦૦ કલાક સુધી વ્યવસ્થા કરવામાં આવનાર છે. **ઉપરાંત ડાર્ક સ્કાયમાં નિહાળવા માટે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાનગર દ્વારા આયોજન કરવમાં આવેલ છે. ડાર્ક સ્કાયમાં નિહાળવા માટે Whatsapp. 8866570111 પર નામની નોંધની કરવી ફરજીયાત રહેશે.** ભાવનગરના જાણીતા ખગોળપ્રેમી પ્રો. સુભાષભાઈ મહેતા દ્વારા વિવિધ ધૂમકેતુઓ અને કોમેટ ૪૬/પી વિરાટનેન વિશે વધુ માહિતી આપવામાં આવશે.

આ ખગોળીય નજારાને નિહાળવા માટે શહેરની તમાંમ ખગોળરસિક જનતાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભારાડ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવે છે

13-12-'18

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

D:\2018-19\All Letter and Press Note 2018-19 \Press of KRCSC FL 2018-19

follow us on YouTube KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar